જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૯/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૬૯૬/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૪ | 3 | ૧૪૭ | ૪૨૦ | ૮ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૭ | 3 | ૧૦૦૭૦૦ | ૧૦૯૫૯૮ | ૮ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫ | ૪,૫૬,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૭/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૬૨ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૯૩૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૯૮/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૯૯/૨૦૨૨

**વાસણાઃ** દીગંત નરેન્દ્રભાઇ શાહ (ઉ.વ.૩૨)(રહે.અનુરાધા એપાર્ટમેન્ટ, એલ.આઈ.સી.ઓફીસ પાસે વાસણા) એ તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે ચારેક મહીના અગાઉથી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ઇલેશ સુનીલભાઇ શાહ અને (૨) જીનલ ઇલેશભાઇ શાહ (બંને રહે.સનશ્રેય રેસીડેન્સી વેસુ સુરત) એ ભેગામળી દિગંતભાઇને વિશ્વાસમાં લઇ, ૩૦૦ કે.વી.સોલાર પેનલ પોતાની કંપની “સિધ્ધિ વિનાયક સોલાર” તથા “જે.જે.એંટરપ્રાઇઝ” નામની પેઢીના અલગ-અલગ પરફોર્મા ઇન્વોઇસ મોકલી આપી, ૩૦૦ કે.વી.સોલાર પેનલના એડવાન્સ પેટે કુલ રૂપિયા ૭૩,૬૨,૩૨૪/- આરટીજીએસ થી મેળવી લઇ, આજદિન સુધી સોલાર પેનલ કે સોલાર પેનલ પેટે આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.સી.ચૌધરી ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** અશોકકુમાર માણેકલાલ શાહ (ઉ.વ.૬૬) (રહે. કે-૧, ન્યુ નીકીતા પાર્ક ફ્લેટ વિશ્રામનગર) એ તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૮/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૭૬૭૯૭૯૯૮૨૩, ૭૩૫૯૨૩૧૫૨૨, ૬૨૯૬૯૩૧૨૮૦ ના ધારકોએ ભેગા મળી અશોકકુમાર શાહને ફોન કરી લાઇટ બીલના રૂપિયા ૧૦/- બાકી હોવાનુ જણાવી પૈસા ભરાવવાનુ જણાવી અશોકકુમાર શાહના મોબાઇલ ફોનમાં ગુગલ પ્લે સ્ટોર ઉપરથી ક્વીક સ્પોર્ટ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ડેબીટકાર્ડની વિગત તેમજ સી.વી.વી.નંબર તેમજ ફોનનો એકસેસ મેળવી લઈ ફોનમાં કોલ કરી વ્યસ્ત રાખી અશોકકુમાર શાહના બેન્ક ખાતામાંથી તેઓના ખાતામાં કુલ રૂપિયા ૫,૯૮,૧૭૪/- ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૦/૨૦૨૨**

**બાપુનગરઃ** મહીપતભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (રહે.હર્ષદ કોલોની વિભાગ-૨ ડી-માર્ટ સામે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૨ સાંજના ૭/૩૦ થી તા.૨૧/૦૯/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર દિપક સાયકલ પાસે ખોડીયાર એસ્ટેટમાં "વિજય હીટ ઇન્ડસ્ટ્રીઝ" નામના કારખાનાના ગોડાઉનના છતનું પતરૂ વાળી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી, ઓફિસના ડ્રોઅરમાંથી સોના સેટ નંગ-૩, ચાંદીની લગડીઓ નંગ-૨, મોબાઇલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૭,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૭,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એન.પટેલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** આકાશભાઇ પદમકાંત અમીન (રહે.આશના એપાર્ટમેન્ટ આનંદનગર રોડ સેટેલાઇટ) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૨ સાંજના ૭/૩૦ થી તા.૨૧/૦૯/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા કાશીરામ મીલ કંપાઉન્ડની અંદર "શંભુ ટેક્ષટાઇલ મીલ્સ પ્રાઇવેટ લીમીટેડ" કંપનીની ઓફીસની બારી વાટે અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઓફીસના કબાટમાંથી રોકડ રૂપિયા ૬૧,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૧/૨૦૨૨**

**પાલડીઃ** ગીતાબહેન નારણભાઇ ખીમસુરીયા (ઉ.વ.૫૩) (રહે.શીવનગર ફ્લેટ, જીવરાજ પાર્ક, વેજલપુર) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૨ કલાક ૧૧/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન ગીતાબહેન શટલ ઓટોરિક્ષામાં બેસી મુસાફરી કરી રહ્યા હતા દરમ્યાન પાલડી ભીમનાથ મહાદેવ નજીક રીક્ષાચાલકની મદદગારીથી રીક્ષામાં બેઠેલ બે પુરૂષ અને એક સ્ત્રીએ ગીતાબહેન ખીમસુરીયાની નજર ચુકવી ગીતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૭,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

**નરોડાઃ** ભાવિનભાઇ સુરેશભાઇ પટેલ (ઉ.વ.૩૪)(રહે.સાંઇ શરણમ ફલેટ, લક્ષ્મી સ્કાયની બાજુમાં એસ.પી.રીંગ રોડ હંસપુરા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૨ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા હંસપુરા રીંગરોડ પાસે આવેલ "સાંઇ શરણમ શોપીંગ સેન્ટર" ના પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની એક્ટીવાની ડેકીનું તાળું તોડી ડેકીમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.ડી.રાવલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૨/૨૦૨૨**

**"એન" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** રવિન્દ્રભાઇ ચંદુભાઇ દંતાણી (ઉ.વ.૩૫)(રહે.મણીરત્ન સોસાયટી, વિભાગ-૨ પાસે, મનુભાઇ દિવાનના કુવા છાપરામાં, વાસણા) તા.૧૮/૦૯/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે શેલ્બી હોસ્પીટલ રોડ, ટોરેન્ટ પાવર ચાર રસ્તા નજીકથી ઓટોરીક્ષા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે કાર નંબર જીજે.૧૮.બીપી.૮૬૪૯ ના ચાલક કેવલભાઇ દેસાઇએ કાર પુરઝડપે અને બેદરકારી થી ચલાવી રવિન્દ્રભાઇની ઓટોરીક્ષાને ટક્કર મારતા રવિન્દ્રભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૯/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રવિન્દ્રભાઇની પત્ની ઉષાબહેન દંતાણીએ "એન" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી વી.એમ.જાદવ ચલાવે છે.

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અનિલકુમાર શ્રીરામ પાલ (ઉ.વ.૨૮)(રહે.રાધે રેસીડન્સી-૨, ઓશીયા મોલ સામે વટવા) તા.૨૧/૦૯/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા શાસ્ત્રીબ્રીજ તરફથી નારોલ સર્કલ તરફ શ્રીનાથ ટ્રાવેલ્સના પાર્કિંગ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી અનિલકુમારના મોટર સાયકલને ટક્કર મારતા અનિલકુમારને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર અનિલકુમારના પિતા શ્રીરામ પાલ એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી આર.ડી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૩/૨૦૨૨**

**સાબરમતીઃ** ભાવિકભાઇ હરેશભાઇ ઠાકોર (ઉ.વ.૨૩)(રહે. સુભાષનગર જુના અચેર સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૯/૨૦૨૨ કલાક ૯/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના એન્ગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેશકુમાર પુંજાભાઇ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** સુરભીબહેન વા/ઓ સ્મીતભાઇ ડોમડીયા (ઉ.વ.૨૪)(રહે.દેવનંદન પ્લેટીના, શાયોના આગમનની બાજુમા વંદેમાતરમ રોડ ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "ક" વિભાગ ચલાવે છે.

**માધવપુરાઃ** માધવપુરા રઘુકુળ સોસાયટી ખાતે ભાડાના મકાનમાં રહેતા અંકિતા નાગ મજમુદાર (ઉ.વ.૩૧)(રહે.કાલીબારી રોડ સાઉથ ડમડમ ધુગુડાંગા નોર્થ-૨૪ પરગનાસ વેસ્ટ બંગાલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૨ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.આર.સોનારા ચલાવે છે.

**રામોલઃ** ઘનશ્યામભાઈ ધનજીભાઈ કણજરીયા (ઉ.વ.૫૯) (રહે. સિદ્ધેશ્વરી પાર્ક સોસાયટી સિંધવાઈ માતાના મંદિર પાસે સીટીએમ રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૯/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશભાઈ અર્જુનભાઈ ચલાવે છે.

**વટવાઃ** વટવા ગામ ગાયત્રીશેરી બારોટવાસ ખાતે ભાડાના મકાનમાં રહેતા અને છુટક મજુરીકામ કરતા સંજયભાઇ લખુભાઇ પીઠાયા (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-સુખસર, તા.ફતેપુરા જી.દાહોદ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૯/૨૦૨૨ સાંજના ૭/30 વાગ્યાના સુમારે રહેણાંક ખાતે છતના લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી